# રૂઢિપ્રયોગ (ગુજરાતી, ધોરણ – ૬) પ્રથમસત્ર

**પાઠ-૩**

રસ પડવો - (અહીં) ધ્યાનપૂર્વક જોવું
નિ:શબ્દ બની જવું - શાંત થઈ જવું
આજીજી કરવી - આગ્રહભરી વિનંતી કરવી
પડતું મૂકવું - છોડી દેવું, બાજુ પર મૂકવું
વિદાય લેવી - જવા માટે છૂટા પડવું

**પાઠ-૪**

જોતરાઈ જવું - (કામે) લાગી જવું
દિલ દઈને - ખૂબ ઉત્સાહ અને ધગશથી
કામમાં આત્મા રેડી દેવો - પૂરેપૂરી લગનથી કામ કરવું
પગરણ માંડવા - શરૂઆત કરવી
દિલ દ્રવી ઊઠવું - ખૂબ દુ:ખ થવું
કામમાં એકરૂપ થવું - કામમાં તલ્લીન થવું
(કામ) માથે ઉપાડી લેવું - જવાબદારી લેવી
મનસૂબો કરવો - નિશ્ચય કરવો
માંડી વાળવું - કામ બંધ કરવું
નિયમ લેવો - વ્રત લેવું
પ્રતિજ્ઞા લેવી - શપથ લેવા
છાતીનાં પાટિયાં બેસી જવાં - નાહિંમત થવું
પાછી પાની કરવી - પાછા હઠવું
જાત ભૂલી જવી - શરીરને કામથી ઘસી નાખવું
ઢંઢેરો પીટવો - જાહેરાત કરવી
સ્વર્ગવાસ થવો - મરણ પામવું

**પાઠ-૬**

ઉચાળા ભરવા - ઘરબાર ખાલી કરીને નીકળી જવું કે ભાગવું
પગરણ મંડાવા - શરૂઆત કરવી
સંઘરી રાખવું - એકઠું કરી રાખવું
બે પાંદડે થવું - સુખી - સંપન્ન થવું
મનમાં ગાંઠ વાળવી - નક્કી કરવું

ડાંડાઈ કરવી - કામચોરી કરવી, આળસ કરવી
વહાણાં વાઈ જવાં - સમય જતો રહેવો
લમણામાં રહી જવું - યાદ રહી જવું
લાગમાં આવવું - તક મળવી, બરાબર કબજામાં આવવું
તેડું મોકલવું - નોતરું મોકલવું, બોલાવવું
ભોં ખોતરવા માંડવું - નીચું જોઈને ઊભા રહી જવું
અક્કલનું તાળું ઉઘડવું - બુદ્ધિ આવવી, સાચી વાતનું ભાન થવું
ભરડો લેવો - સખત રીતે વીંટી લેવું
સાદ દેવો - બૂમ પાડવી
વાણિયા વિદ્યા વાપરવી - સમય પારખીને કામ કરવું
નેવાના પાણીએ હાથ ધોવા - કોઈની ઉદારતા કે ભલમનસાઈનો દુરુપયોગ કરવો
ચોપડા ચોખ્ખા કરવા - હિસાબ કરવો
આગળ પેટ હોવું - ખોરાકની આવશ્યકતા હોવી
આંખો કાઢવી - ધમકી આપી ડરાવવું
ઘાએ ચડવું - લાગમાં આવવું
ફાટીને ધુમાડે જવું - બહુ છકી જવું
શરમ ભરવી - માન રાખવું
ધોળે દહાડે તારા બતાવવા - અસહ્ય પરિસ્થિતિ અનુભવવી
ડચકારો કરવો - ઉશ્કેરવું
ઢીલા પગે - નિરાશા અનુભવતાં
વીલા મોઢે - ઉદાસ ચહેરે
ભીંત સોંસરવું સૂઝવું - સ્પષ્ટ રીતે સમજાવું
વ્હાણાં વાઈ જવા - સમય પસાર થઈ જવો
ભાવ પૂછાવો - મહત્વ વધવું, માનપાન વધવાં
ખાતું પાડવું - ચોપડામાં નવેસરથી હિસાબ લખવો
ભાલિયે ભરવી દેવું - બરાબરની ખબર લઈ નાખવી

પાઠ-૭

પંથ કાપવો - રસ્તે આગળ વધવું
ખાંડાની ધારે ચાલવું - ઘણાંજ વિકટ માર્ગે ચાલવું, સાહસ ભરેલું કાર્ય કરવું
પાઠ આપવો - બોધ કે સંદેશો આપવો
હિંમત ખોવી - નિરાશ થવું, આશા છોડી દેવી

પાઠ-૮

નજર કરવી - લક્ષ આપવું, જોઈ લેવું

મોં ઢાંકી દેવું - (અહીં) અછૂતપણાના ભાવથી પોતાની જાતને છુપાવવી

દહાડો બગડવો - ન ધાર્યું હોય તેવું થવું

પાછા ફરવું - પીછેહઠ કરવી

કકડીને ભૂખ લાગવી - સખત ભૂખ લાગવી

બરાડી ઊઠવું - મોટેથી બૂમ પાડવી

ઊંચે શ્વાસે - ઉતાવળે

લાલપીળા થઈ જવું - ખૂબ ગુસ્સે થવું

વહેમ રમ્યા કરવો - સતત શંકા થવી

કાનમાં કંઈક કહેવું - કંઈક ગુપ્ત વાત કરવી

વિચાર પડી જવું - ચિંતામાં પડી જવું, કંઈ સમજણ ન પડવી

સરપાવ આપવો - ઇનામ આપવું

પાઠ-૯

મેળો જામવો - મેળાપ થવો, ઘણા માણસનું એકઠા થવું

ગામનું નાક હોવું - (અહીં) ગામનું ગૌરવ હોવું, ગામની શોભા હોવી

મૂછ મરડવી - મૂછના આંકડા વાળવા, અભિમાન બતાવવું

તડકી છાંયડી જોવી - સુખ દુઃખમાંથી પસાર થવું

પગ નાચવા - અતિશય આનંદ થવો

ઓશલો ફૂટવો - (અહીં) લાડમાં મર મૂઆ જેવી ગાળ દેવી

આવી બનવું - (અહીં) માર પડવાની ભીતિ

આગ મૂકવી - મરેલાંનો અગ્નિસંસ્કાર કરવો

શ્રીગણેશ કરવા - શુભ આરંભ કરવો

ઠંડી ઉડાવવી - ઠંડી દૂર કરવી

લૂ ફૂંકાવી - ગરમ પવન વાવો

માથે કરવું - અઘટિત વર્તન દ્વારા લોકોને વ્યાકુળ બનાવી મૂકવા

પોરો ખાવો - વિરામ લેવો, આરામ કરવો

પેટ ગુજારો કરવો - પેટ પૂરતું ખાવાનું મેળવવું

ઉચાળા ઉપાડવા - એક જગ્યાએથી ચીજવસ્તુઓ સાથે બીજી જગ્યાએ જવું

પૂંઠ વાળીને જોવું - પાછા વળીને જોવું

**પાઠ-૨**

ચોક પૂરવા - સાથિયા દોરવા
સાથિયા પૂરવા - સાથિયામાં રંગ પૂરવા
ચરણ પખાળવા - ચરણ ધોવાની વિધિ કરવી

**પાઠ-૩**

મંડી પડવું - શરૂ કરવું
ટાપસી પૂરવી - ચાલતી વાતને ટેકો આપવો
પાટી મેલાવવી - દોડાવવું
પસીનામાં રેબઝેબ થઈ જવું - પરસેવે લથબથ થઈ જવું
માઝા મૂકવી - મર્યાદા ત્યજી દેવી
પગ ઉપાડવા - ઝડપથી ચાલવું
વાતમાં પડવું - વાતે વળગવું
ઓછા ઊતરવું - કસોટીમાં કાચા નીવડવું
હાથમાં હોવું - કબજામાં હોવું, પોતાના આધીન હોવું
પગ જમીન સાથે જડાઈ જવા - સ્તબ્ધ થઈ જવું
ઢીલા પડવું - નરમ થવું
માથા પર સૂરજ આવવો - મધ્યાહ્ન થવો
મૂઠીઓ વાળવી - દોટ મૂકવી
તાનમાં હોવું - આનંદમાં હોવું

**પાઠ-૪**

ઇનકાર કરવો - અસ્વીકાર કરવો
ભાન આવી જવું - સમજ આવી જવી
ઠપકો મળવો - દોષ બદલ વઢવું
આજીજી કરવી - આગ્રહભરી વિનંતી કરવી
ઝંખવાણા પડવું - શરમિંદા થઈ જવું
આંધળો પ્રેમ હોવો - અવિચારી પ્રેમ

## પાઠ-૬

ઉગારી લેવું - બચાવી લેવું

વાત કળાઈ જવી - સમજાઈ જવું

રાડ ફાટી જવી - ભયથી ચીસ પડાઈ જવી

વદન કરમાઈ જવું - નિરાશ થઈ જવું

ડોકું ખેંચવું - નજર કરી લેવી

નજર નાંખવી - જોવા માટે આંખ તે તરફ કરવી

નજર ફેરવવી - ધ્યાનથી ચારે બાજુ જોવું

ભોંઠા પડવું - ઝંખવાણા પડવું

હાથે ચડવું - પ્રાપ્ત થવું

દષ્ટિ ખેંચાવી - ધ્યાનમાં આવવું

દષ્ટિ ચોંટી રહેવી - એક તરફજ સતત જોયા કરવું

મોં પાણી પાણી થવું - ખાવાની તીવ્ર ઈચ્છા થવી

## પાઠ-૭

ઉમેદ બર ન આવવી - આશા ન ફળવી

શાખ જામવી - પ્રતિષ્ઠા ઊભી થવી

એક ના બે ન થવું - પોતાની વાત પર મક્કમ રહેવું

ગળગળા થવું - ભાવુક થઈ ઊઠવું

સડક થઈ જવું - આશ્ચર્યમૂઢ થઈ જવું

## પાઠ-૮

બેડલો પાર થવો - (અહીં) સમૃદ્ધ થવું

ઘોડલાં ખેલવાં - (અહીં) મોજમજા કરવી

મહેણું મારવું - ટોણો મારવો, મર્મવચન કહેવું

બળ્યો અવતાર - જીવન નકામું હોવું

મોતીડે પોંખવું - આવકાર આપવો, ઉમળકાથી વધાવવું

મનનાં દ્વાર ખોલવાં - સાચી દિશા બતાવવી, સાચું જ્ઞાન આપવું

## પાઠ-૯

મોભ તૂટી પડવો - મૃત્યુ થવું

આંખો ભીની થવી - આંખમાં આંસુ આવવા

અવાજ તરડાઈ જવો - ગદગદિત થઈ જવું

વાદળ જેવું મન થવું - હળવાફૂલ થવું
ઊધડો લેવો - ઠપકો આપવો
ખેરાત કરવી - દાન આપવું

**પાઠ-૧૦**

જીવમાં જીવ આવવો - ભય દૂર થતાં સ્વસ્થ થવું
રામ રમી જવા - મૃત્યુ પામવું

**કાવ્ય-૨**

જિંદગી ખરચી નાખવી - જીવન વેડફી દેવું
મહેનત ન ફળવી - મહેનત વ્યર્થ જવી
ધીરજ ખૂટવી - ધીરજ ન રહેવી, આશા છોડી દેવી, હિંમત હારી જવી

**પાઠ-૩**

તડકા છાંયડા જોવા - સુખ દુઃખમાંથી પસાર થવું
પૈસાની છોળ રેલાવી - ખૂબ પૈસા હોવા
ધૂળના ગોટા ઊડવા - પુષ્કળ ધૂળ ઊડવી
અનેક રંગો જોવા - અનેક અનુભવો થવા
ધ્રાસકો પડવો - ફાળ પડવી

**કાવ્ય-૪**

છૂ થવું - ગાયબ થવું, (અહીં) દૂર થવું

**પાઠ-૫**

સૂર પૂરવો - હા માં હા કહેવી
અધીરા બનવું - ઉતાવળા થવું

**કાવ્ય-૬**

જુદા આંક હોવા - જિંદગી વિશેની સમજ જુદી હોવી
બાથમાં બાથ ભીડવી - પ્રેમભર્યું આલિંગન આપવું

**પાઠ-૭**

જીભ કપાઈ જવી - બોલતા બંધ થઈ જવું
સાત ખોટનો દીકરો - સાત દીકરી પછી આવેલો દીકરો, એકનો એક દીકરો
મોં માગ્યા દામ આપવા - પૂરેપૂરી કિંમત ચૂકવવી
સ્તબ્ધ થઈ જવું - અવાક થઈ જવું
કળ વળવી - નિરાંત થવી
આંકડા માંડવા - ગણતરી કરવી
સૌ સારાં વાનાં થવાં - બધી રીતે શુભ થવું
નિરાશાની ઘેરી છાયા ફરી વળવી - ચારે બાજુ અત્યંત નિરાશાનું વાતાવરણ ફેલાઈ જવું

ઝડપ કરવી - ઉતાવળ કરવી

પાન ખરે તેમ ખરવા - (અહીં) એક પછી એક માનવી મૃત્યુ પામવાં

પેટનો ખાડો ઉણો રહેવો - ભૂખ દૂર ન થવી

લાજ જવાનો વખત આવવો - આબરૂ જવાનો પ્રસંગ આવવો

ત્રાહિ ત્રાહિ પોકાર કરવા - બચાવો બચાવો એમ મોટેથી બોલવું

આંચ ન આવવી - નુકસાન ન થવું

પાઠ-૯

હામ ન હોવી - હિંમત ન હોવી

ચીંથરા ફાડવા - નકામી કે આડી વાત કરવી

માઝા છાંડી જવી - મર્યાદા ઓળંગી જવી

મીટ મંડાવી - નજર સ્થિર કરવી

હાથ આવવો - સકંજામાં આવવું

ચાનક ચડવી - ઉત્સાહ આવવો

ચડે ભરાવું - જીદ ઉપર આવવું

આંબું આંબું થઈ રહેવું - જલદીથી પહોંચવા તત્પર થવું

મામલો જામી પડવો - પરિસ્થિતિ ખરાબ થવી

ભાન ભૂલી જવું - સાનભાન ન રહેવા

તલવારનો વાઢ પડવો - તલવારનો ઘા વાગવો

નાડે રજા લેવી - મરણ પામવાની તૈયારી હોવી

પ્રાણ નીકળી જવા - મૃત્યુ પામવું

પેટ બહુ મોટું હોવું - ઉદાર દિલના હોવું

રંગમાં ભંગ પડવો - આનંદમાં વિક્ષેપ પડવો

દી ફરવો - કુબુદ્ધિ સૂઝવી

કાળ આવી પહોંચવો - મૃત્યુ નજીક આવવું

કાળને અટકાવવો - મૃત્યુને રોકવું

ખુલાસો કરવો - સ્પષ્ટતા કરવી, ચોખવટ કરવી

તલવાર ગળે માંડવી - તલવાર ગળે અડાડી મારી નાખવાની તૈયારી બતાવવી

તલવાર ગળામાં પરોવવી - તલવારથી મારી નાખવું

લોહી છાંટવું - હત્યા કરવી

મરી ખૂટવી - મરી ગઈ

આભ સામે હાથ કરવો - કાંઈ બોલ્યા વગર ઈશારો કરીને

ફાળ ખાવી - ડર લાગવો, ધ્રાસકો પડવો

રઝળી પડવા - અનાથ થઈ જવાં, નિરાધાર થઈ જવાં

સાત ખોટનો દીકરો - સાત દીકરી પછી આવેલો દીકરો, એકનો એક દીકરો

જાતી કરવી - માફ કરવું

ખડી જવો - મૃત્યુ પામવો

હત્યા વહોરવી - મરી નાખવાના પાપમાં પડવું

<u>પાઠ-૧૦</u>

હિલોળે ચડવું - હિલ્લોળવું, કિલ્લોલવું, આનંદ ઉત્સાહ પ્રગટ કરવો

તાલાવેલી લાગવી - આતુરતા, ચટપટી, તાલાવેલી

ઢીલાઢસ થઈ જવું - સાવ ઢીલા થઈ જવું

બાધ માનવો - વાંધો લેવો

ગળણીથી ગાળવું - (અહીં) તારણ કાઢવું, સાર કાઢવો